# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**************************************************

1. EDએ દિલ્હી અને રાષ્ટ્રીય પાટનગર ક્ષેત્રમાં અલફલાહ સમૂહ સાથે સંકળાયેલા 25થી વધુ પરિસરની તપાસ કરી.
2. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આગામી કેન્દ્રીય અંદાજપત્રના સંદર્ભમાં મૂડી બજારોના હિસ્સેદારો સાથે ચોથી પૂર્વ-અંદાજપત્ર પરામર્શ બેઠક કરી.
3. બે અમેરિકન પ્રતિનિધિએ અમેરિકા અને ભારત વચ્ચેની ઐતિહાસિક ભાગીદારીના વ્યૂહાત્મક મૂલ્યને માન્યતા આપતો દ્વિપક્ષીય ઠરાવ રજૂ કર્યો.
4. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે બાંગ્લાદેશ નાં પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને કરાયેલી મૃત્યુદંડની સજાનો વિરોધ કર્યો.
5. ભારતીયોને નોકરીની લાલચ આપી ફસાવવાના કેસ વધતા ઈરાન સરકારે ભારતીયો માટે વિઝા-ફ્રી સુવિધા બંધ કરી.
6. ACC પુરુષ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ 2025 ક્રિકેટ ટૂર્નામેન્ટમાં દોહામાં આજે ભારત-એ અને ઓમાન-એ વચ્ચે મુકાબલો.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# ED AL FALAH GROUP

પ્રવર્તન નિદેશાલય – **ED**એ આજે દિલ્હી અને રાષ્ટ્રીય પાટનગર ક્ષેત્રમાં અલફલાહ સમૂહ સાથે સંકળાયેલા 25થી વધુ પરિસરની તપાસ હાથ ધરી.

આ તપાસ અભિયાન નાણાકીય ગેરરીતિ , શેલ કંપનીઓના ઉપયોગ, આવાસ સંસ્થાઓ અને મની લૉન્ડરિંગની ચાલી રહેલી તપાસનો એક ભાગ છે. **ED**એ જણાવ્યું, આ સમૂહ સાથે જોડાયેલી નવ શૈલ કંપનીઓની તપાસ ચાલી રહી છે. આ તમામ કંપની એક જ સરનામા પર નોંધાયેલી છે.

અલફલાહ ટ્રસ્ટ અને સંબંધિત સંસ્થાઓની ભૂમિકાની તપાસ ચાલી રહી છે. આ ઉપરાંત વિશ્વ-વિદ્યાલય અનુદાન પંચ – **UGC** અને રાષ્ટ્રીય મૂલ્યાંકન તથા માન્યતા પરિષદ – **NAAC** માન્યતા સાથે સંબંધિત દાવાઓમાં પ્રથમ દ્રષ્ટિએ વિસંગતતાઓ જોવા મળી છે.

**ED**એ ઉંમેર્યું, આ પાસાઓ સંબંધિત અધિકારીઓની સાથે તપાસ ચાલી રહી છે. આ મહિનાની 10 તારીખે દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ સંબંધિત કેસમાં અનેક તબીબની ધરપકડ બાદ અલફલાહ વિશ્વવિદ્યાલય તપાસના દાયરામાં આવી છે.

. . . . . .

# SITHARAMAN - PRE BUDGET

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં આગામી કેન્દ્રીય અંદાજપત્ર **2026-27** ના સંદર્ભમાં મૂડી બજારોના હિસ્સેદારો સાથે ચોથી પૂર્વ-અંદાજપત્ર પરામર્શની અધ્યક્ષતા કરી હતી.

આ બેઠકમાં કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરી , આર્થિક બાબતોના વિભાગના સચિવ અને ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

નાણા મંત્રાલય દર વર્ષે નિષ્ણાતો , ઉદ્યોગ નેતાઓ, અર્થશાસ્ત્રીઓ અને રાજ્ય અધિકારીઓ સાથે અનેક પૂર્વ-અંદાજપત્ર પરામર્શ બેઠકોનું આયોજન કરે છે. ચર્ચા-વિચારણા એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે કેન્દ્રીય અંદાજપત્ર વિવિધ દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે અને મુખ્ય આર્થિક પ્રાથમિકતાઓને વર્ણવે છે.

. . . . . . . . . . .

# US-INDIA TIES

અમેરિકન પ્રતિનિધિઓ ડેમોક્રેટ અમી બેરા અને રિપબ્લિકન જો વિલ્સન , બંનેએ અમેરિકા અને ભારત વચ્ચેની ઐતિહાસિક ભાગીદારીના વ્યૂહાત્મક મૂલ્યને માન્યતા આપતો દ્વિપક્ષીય ઠરાવ રજૂ કર્યો છે.

આ ઠરાવ વિશ્વના બે સૌથી મોટા લોકશાહી દેશો વચ્ચે સંરક્ષણ , ટેકનોલોજી, વેપાર, આતંકવાદ વિરોધી અને શિક્ષણ સહિતના મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં દાયકાઓથી વધતા સહકારને દર્શાવે છે. તેમાં પ્રાદેશિક સ્થિરતા, આર્થિક વિકાસ અને મુક્ત અને ખુલ્લા ઇન્ડો-પેસિફિકને પ્રોત્સાહન આપવામાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરે છે.

આ પગલામાં આતંકવાદ વિરોધી અને સાયબર પડકારોથી ઉભરતી ટેકનોલોજીઓ સામે 21મી સદીના જોખમોનો સામનો કરવા માટે અમેરિકા અને ભારત વચ્ચે સતત સહયોગની આશા રાખવામાં આવી છે. આ ઠરાવને કુલ 24 મૂળ સહ-પ્રાયોજકો સાથે મજબૂત દ્વિપક્ષીય સમર્થન મળ્યું છે.

. . . . . . . . .

# BIHAR GOVT FORMATION

બિહારમાં, રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન **NDA**ના નવા ચૂંટાયેલા ધારાસભ્યો આવતીકાલે પટનામાં તેમના નેતાની પસંદગી કરવા મળશે. પાંચ ઘટક પક્ષો - ભાજપ, જનતા દળ (યુનાઇટેડ) , લોક જનશક્તિ પાર્ટી - (રામવિલાસ), હિન્દુસ્તાની અવમ મોરચા **HAM** અને રાષ્ટ્રીય લોક મોરચાના ૨૦૨ **NDA** ધારાસભ્યો આ બેઠકમાં ભાગ લેશે.

સાંભળીએ એક અહેવાલ

**(બાઈટ – ધર્મેન્દ્ર)**

અંતિમ નિર્ણય અને ભાજપના ટોચના નેતાઓ સાથે ચર્ચા માટે , જેડી(યુ)ના કાર્યકારી પ્રમુખ સંજય ઝા અને પાર્ટીના વરિષ્ઠ નેતા રાજીવ રંજન સિંહ ઉર્ફે લાલન સિંહ ગઈકાલે રાત્રે નવી દિલ્હી પહોંચ્યા હતા.

પટણાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં શપથગ્રહણ સમારોહની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આ સમારોહ ગુરુવારે યોજાશે. નવી સરકારના શપથ ગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને **NDA**ના વરિષ્ઠ નેતાઓ હાજરી આપે તેવી અપેક્ષા છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# HASINA

સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને દેશની અદાલત દ્વારા ગેરહાજરીમાં લાદવામાં આવેલી મૃત્યુદંડની સજાનો વિરોધ કર્યો છે. તેમના દૈનિક મીડિયા બ્રીફિંગ દરમિયાન, યુએન ચીફના પ્રવક્તા સ્ટીફન ડુજારિકે જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર કોઈપણ સંજોગોમાં મૃત્યુદંડના ઉપયોગનો વિરોધ કરે છે.

ગયા વર્ષે વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનો દરમિયાન હિંસક કાર્યવાહી બદલ માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે ઢાકામાં 78 વર્ષીય રાજકારણી પર તેમની ગેરહાજરીમાં કેસ ચલાવવામાં આવ્યો હતો. તેઓ હાલમાં દેશનિકાલમાં જીવી રહ્યા છે. શ્રીમતી હસીનાની સાથે , બાંગ્લાદેશના ભૂતપૂર્વ ગૃહમંત્રી અસદુઝમાન ખાન કમાલને પણ ગઈકાલે આ કેસમાં ગેરહાજરીમાં મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી જ્યારે રાજ્યના સાક્ષી બનેલા ભૂતપૂર્વ પોલીસ મહાનિરીક્ષક ચૌધરી અબ્દુલ્લા અલ-મામુનને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

પ્રવક્તાએ યુએન માનવાધિકાર ઉચ્ચ કમિશનર વોલ્કર તુર્કના નિવેદનને ટાંકીને જણાવ્યું હતું કે, મૃત્યુદંડ ફક્ત બાંગ્લાદેશી ન્યાયાધીશોની બનેલી સ્થાનિક અદાલત દ્વારા આપવામાં આવ્યો હતો, જેણે પોતાને આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલ તરીકે ઓળખાવ્યો હતો, જેણે તેમને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે દોષિત ઠેરવ્યા હતા.

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના અને પૂર્વ ગૃહમંત્રી અસદુઝમાન ખાન કમાલને ફાંસી આપવાની ટીકા કરી છે.

. . . . . . . . . . . . . . .

# ANDHRA – MAOISTS

આંધ્રપ્રદેશના અલ્લુરી સીતારામ રાજુ જિલ્લાના મારેદૂમિલી જંગલ વિસ્તારમાં આજે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં છ નક્સલવાદીઓ માર્યા ગયા . મૃતકોમાં ટોચના નક્સલવાદી નેતા અને કેન્દ્રીય સમિતિના સભ્ય મા દવી હિડમા, તેની પત્ની રાજે અને અન્ય નજીકના લોકોનો સમાવેશ થાય છે . આંધ્રપ્રદેશના રાજ્ય પોલીસ વડા હરીશ કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે સુરક્ષા કર્મચારીઓએ આજે સવારે **6** વાગ્યાથી આ વિસ્તારમાં તપાસ અભિયાન હાથ ધર્યું હતું.

તેમણે કહ્યું કે આંધ્રપ્રદેશ , છત્તીસગઢ અને ઓડિશાના સરહદી વિસ્તારોમાં નક્સલવાદી ગતિવિધીની માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી હાથ ધરાઈ.

. . . . . . . . . . . .

# NATIONALLY DETERMINED CONTRIBUTION

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું છે કે ભારત ડિસેમ્બર સુધીમાં 2035ના સમયગાળા માટે તેનું સુધારેલું રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાન ( NDC) પ્રકાશિત કરશે.

બેલેમ બ્રાઝિલમાં UN COP 30 ક્લાઇમેટ સમિટના ઉચ્ચ-સ્તરીય સંમેલન ને સંબોધતા, શ્રી યાદવે કહ્યું કે આબોહવા પરિવર્તન "વાસ્તવિક અને નિકટવર્તી "હોવાનું કારણ પર્યાવરણને અવગણના સાથે સતત વૃદ્ધિ અને વિકાસ મુખ્ય કારણ છે

. . . . . . . . . . . . . . . . . .

# IRAN FREE VISA

ઈરાનમાં હવે ભારતીયોને વિઝા-ફ્રી સુવિધા નહી મળે . ભારતીયો માટે વિઝા-ફ્રી સુવિધા ઈરાને બંધ કરી દીધી છે. ઈરાનમાં ભારતીયોને ફસાવવાના કેસ વધતા આ નિર્ણય લેવાયો છે.

ભારતીયોને નોકરીની લાલચે ઈરાન લવાતા હોવાના વધતા કિસ્સા બાદ આ ઇરાન સરકારે આ નિર્ણય લીધો હતો.

પ્રસ્તુત એક અમારા સંવાદદાતા શક્તિસિંઘનો અહેવાલ

## વોઈસ કાસ્ટ - શક્તિસિંઘ

. . . . . . . . . . . . . . . . . .

# CRICKET RISING STAR

**ACC પુરુષ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ 2025 ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આજે દોહામાં અંતિમ લીગ સ્ટેજ મુકાબલામાં ભારત-એ અને ઓમાન-એ સામસામે હશે. ભારતીય સમય મુજબ, કતરના દોહામાં આ મેચ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. ભારત માટે આજની મેચ ઘણી મહત્વની છે. ભારત અને ઓમાનના બે મેચથી બે-બે પોઈન્ટ છે અને આજની વિજેતા ટીમ સેમિ-ફાઈનલમાં પહોંચશે.**

. . . . . . . . . . . . . . . . . . . . . .

# I.C.G – BANGLADESH

ભારતીય તટ રક્ષકે ભારતીય જળ વિસ્તારમાં ગેરકાયદેસર માછીમારી કરવા બદલ ત્રણ બાંગ્લાદેશી હોકી અને તેમના કર્મચારીઓ સહિત 79 લોકોની ધરપકડ કરી છે.

તટરક્ષકના જણાવ્યા મુજબ, આ હોડીએ ગયા શનિવાર અને રવિવારે બંગાળની ખાડીના ઉત્તર ભાગમાં ભારતીય દરિયાઈ ક્ષેત્ર અધિનિયમનું ઉલ્લંઘન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે કર્મચારી સભ્યો પાસે ભારતીય પાણીમાં માછીમારી કરવા માટે માન્ય પરવાનગી ન હતી. હોડી અને ધરપકડ કરાયેલા લોકોને કાર્યવાહી માટે સમુદ્રી પોલીસને સોંપયા.

. . . . . . . . . . . . . .